મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૮ ટકા
ગાંધીનગર તાપમાન

સમગ્ર શહેર આજે 'યોગમય' બનશે

સ્વર્ણિમ પાર્ક ઉપરાંત શહેરમાં અનેક સ્થળે વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

સમગ્ર વિશ્વને પ્રાચીન કાળથી ભારતે યોગ-ધ્યાન અને પ્રાણાયામની અણમોલ ભેટ આપી છે જેને છેલ્લા ચાર વર્ષથી 'વિશ્વ યોગ દિવસ' થકી સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે. આવતીકાલે તા. ૨૧મી જૂન સમગ્ર વર્ષનો લાંબામાં લાંબો દિવસ હોવા સાથે 'વિશ્વ યોગ દિવસ' પણ છે જેની ઉજવણીમાં સમગ્ર ગાંધીનગર શહેર 'યોગમય' બની જશે. શહેરની મધ્યમાં સેન્ટ્રલ વિસ્ટા ખાતે સરકાર દ્વારા ગૃહરાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં વિશાળ સંખ્યામાં નાગરિકો યોગ દિવસ ઉજવશે. તે ઉપરાંત શહેરમાં વિવિધ સંસ્થાઓ તથા જાહેર સ્થળોએ પણ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરની મધ્યમાં સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં સ્વર્ણિમ પાર્ક ખાતે રાજય સરકાર દ્વારા યોગ દિવસની ઉજવણીનું ભવ્ય આયોજન કરાયું છે. આ આયોજનમાં સરકારના જુદા જુદા વિભાગના કર્મચારીઓ, વિવિધ બોર્ડ નિગમના કર્મચારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના સ્વયંસેવકો, સુરક્ષાકર્મીઓ, પોલીસ કર્મીઓ તથા વિદ્યાર્થીઓ અને મહિલાઓ યોગ દિવસની ઉજવણીમાં જોડાશે. અહીં ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર સાથે જુનિયર સિટિઝન કાઉન્સિલ, હેપ્પી યુથ કલબ, આપણું ફાઉન્ડેશન, ગૂંજ ફાઉન્ડેશન, હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન, વનશ્રી ટ્રસ્ટ, સ્કાય ગ્રૂપ જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપરાંત સરકારી વિજ્ઞાન કોલેજ, સરકારી કોમર્સ એન્ડ આર્ટસ કોલેજ તથા પોલિટેકનીક કોલેજ વગેરે જેવી શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી શાળા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો યોગ દિવસની ઉજવણીમાં જોડાઈ યોગ કરશે. આ સાથે અહીં બીએસએફ, સીઆરપીએફ જેવા સુરક્ષા દળો ઉપરાંત પોલીસના વિવિધ વિભાગો પણ જોડાશે.

વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સ્વર્ણિમ પાર્ક ઉપરાંત શહેરની વિવિધ સંસ્થાઓમાં પણ આયોજનો કરવામાં આવ્યા છે. જેમાં રાધેશ્યામ ખાદી ટ્રસ્ટ સંચાલિત જનસેવા સમિતિ દ્વારા સેકટર-૨૬માં જીઆઈડીસી ખાતે યોગી રામદાસજી મહારાજ દ્વારા યોગ નિદર્શનનું આયોજન ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી ફોર્સ દ્વારા નવા સચિવાલયના બ્લોક નં. ૫ ખાતે યોગ પ્રાણાયામનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે ગીર ફાઉન્ડેશન દ્વારા વી.કેર ફાઉન્ડેશના સહયોગથી શહેરના સેકટર-૨૧ જીમખાનામાં પતંજલિ યોગ સમિતિ દ્વારા સેકટર-૨ના બગીચામાં ભારતીય યોગ સંસ્થાન દ્વારા, પેથાપુર ગામમાં રામજીમંદિર ખાતે, કુડાસણમાં સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે, સે-૧૦માં ભારતીય ભૂસ્તર સર્વેક્ષણ કચેરી ખાતે તેમજ અન્ય અનેક સંસ્થાઓ અને સરકારી કચેરીઓ ખાતે યોગ પ્રાણાયામના કાર્યક્રમો યોજાશે તથા તેમાં સેંકડોની સંખ્યામાં નાગરિકો યોગ માટે જોડાશે.

વાતવાતમાં

● શહેરના ઘ-૪ સર્કલથી વિધાનસભા તરફના ટાઉનહોલ વાળા માર્ગ પર એક મ્યુઝિકલ પાર્ટી બેરોકટોક યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ટાઉનહોલની પાસે જ મધ્યસ્થ લાયબ્રેરી આવેલી છે. જયાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો વાંચન પ્રવૃત્તિ કરતા હોય છે.

● શહેરના ઘ-૨ સર્કલ પાસે એક પાનના ગલ્લે છેલ્લા કેટલાક દિવસથી એક-બે વરિષ્ઠ વયના વડીલો ગલ્લે એકઠાં થતા ગ્રાહકોને જાદુની વિવિધ ટ્રીકસ દેખાડતા જોવા મળે છે. આ જાદુ ટ્રીકસ દ્વારા રોજીંદા ગ્રાહકોને અચંબામાં નાંખી આ વડીલો તેમનો મનોરંજન સાથે સમય પસાર કરે છે.

● સે-૧૧માં અખબાર ભવન નજીક ચ રોડ તરફ જતાં સર્વિસ રોડ પરની ચોકડી અકસ્માત માટે જોખમી છે અને અહીં વારંવાર નાના મોટા અકસ્માત સર્જાય છે. તેથી સ્પીડબ્રેકર મુકાય તેવી માંગ પણ પ્રવર્તી રહી છે. આજે પણ અહીં એક કાર અને બાઈક ચાલક વચ્ચે સામાન્ય અકસ્માત સર્જાયો હતો. પરંતુ બાઈક સિવાય સદભાગ્યે કોઈને ઈજા થવા નહોતી પામી.

ઓપીડીની નીચે ભોંયરામાં પાણી ભરાયું

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓપીડીની નીચે ભોંયરામાં ઘુંટણ સમા પાણી ભરાયા છે. આ પાણી નીચે આવેલા સ્ટેશનરીના રૂમ સુધી પહોંચ્યું છે. ત્યારે ગત્ વર્ષ જેવી પરિસ્થિતિનું નિર્માણ પામે તે પહેલા પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે નહી તો આ પાણી નુકસાન સર્જી શકે છે.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગત્ ચોમાસાની સિઝનમાં વરસાદ વધુ પડતા ઓપીડીના ભોંયરામાં કેડ સમા પાણી ભરાઈ ગયા હતા. વરસાદી પાણીમાં સ્ટેશનરી તેમજ સ્ટોરરૂમમાં રાખવામાં આલેવ કેટલોક સામન અને અગત્યનો રેકોર્ડ પણ ભીનો થઈ જવા પામ્યો હતો. ત્યારે હાલના સમયે નવી ઓપીડીની સીડીની બાજુમાં નીચે ભોંયરામાં ઘુંટણ સમા પાણી ભરાયું છે. આ પાણી શુધ્ધ છે કે ગંદુ તે તપાસનો વિષય છે. પરંતુ ગટર લાઈન ચોકઅપ થતા પાણી લીકેજનો પ્રશ્ન સર્જાયો હોય તેમ પ્રાથમિક તબક્કે લાગી રહ્યું છે. જયારે આ પાણી નીચે આવેલા સીવીલના સ્ટેશનરી રુમ સુધી તો પાણી પહોંચી ગયું છે. પરંતુ સિવિલના અગત્યના આરડીડી વિભાગ સુધી પહોંચે તે પહેલા તેના નિકાલની વ્યવસ્થા કરવી જરુરી છે. ત્યારે પાણી ક્યાંથી આવે છે તે જાણવા માટે પીઆઈયુ વિભાગ દ્વારા કસરત કરવામા આવી છે. તેમજ કેટલાક પાણીનો જથ્થો પણ મોટર મુકીને નિકાળી દેવાયો છે. પરંતુ પાણી ભરાતા આ પાણી નીચે આવેલા સ્ટોર રુમની વિવિધ ચીજવસ્તુઓ તેમજ વિભાગના રેકર્ડને નુકશાન કરી શકે છે. જેથી પીઆઈયુ વિભાગ પણ તાત્કાલીક આ પાણી બંધ કરવા માટે કમરકસી રહ્યું છે.

સર્વન્ટ ક્વાટર્સમાં પરણિતાના આપઘાત પ્રકરણમાં સાસરીના પાંચ સભ્યો સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૮ ખાતે રહેતા ભાજપના નેતા આઈ કે જાડેજા ના પ્રાઈવેટ બંગલામાં આવેલા સર્વન્ટ ક્વાટર્સમાં ગઈકાલે વહેલી સવારે એક પરણિતાએ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. આ આપઘાત પ્રકરણમાં મૃતકના ભાઈએ સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં પતિ સહિત સાસરીના પાંચ સભ્યો સામે બહેનને ત્રાસ આપી આપઘાત કરવા મજબૂર કરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ સહિત પાંચ સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડ માટે ચકો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ સેક્ટર-૮માં આઈ કે જાડેજાના બંગલામાં સર્વન્ટ ક્વાટર્સમાં રહેતા લાડલી બેનની દીકરી ૨૩ વર્ષીય સેજલને બે દિવસ પહેલા જ તેને સાસરીમાંથી અહી પિયરમાં મૂકી ગયા હતા. તમારે દીકરી જોઈતી નથી તેમ કહીને સાસરિયાઓ પરણિતા સેજલને પિયરમાં સેક્ટર-૮માં મૂકીને ચાલ્યા ગયા હતા. સમાજ મેળે આ સમસ્યાનું સમાધાન લાવવા માટે સેજલના પિયરના સભ્યો ગઈકાલે વહેલી સવારે ઈન્દ્રોડા ગામ જવા નીકળ્યા હતા. સેજલ પોતાના ઘરે જ હતી. દરમિયાન ડ્રાઈવર શૈલેષભાઈ ગાડીની ચાવી લેવા સર્વન્ટ ક્વાટર્સમાં ગયા ત્યારે રૂમ નો દરવાજો અંદરથી બંધ હતો અને ખખડાવવા છતાં કોઈ અંદરથી બોલતું ન હતું. રૂમમાં સેજલ હોવા છતાં દરવાજો કેમ નહોતી ખુલતી તે એક મૂંઝવણભર્યો પ્રશ્ન હતો. ડ્રાઈવર શૈલેશભાઈએ સેજલના ભાઈ વિષ્ણુ દેસાઈને ફોન કરી આ ઘટનાની જાણ કરતા વિષ્ણુ ઘરે આવી ગયો હતો અને દરવાજો ધકકો મારીને ખોલતાં અંદર જઈ જોયું તો પોતાની બહેન સેજલ પંખે દુપટ્ટો બાંધી લટકી ગયેલી હાલતમાં હતી. સેકટર-૭ પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી દરમિયાન મૃતક સેજલના ભાઈ વિષ્ણુ દેસાઈએ આ ઘટના પાછળ સેજલના પતિ સહિતના પાંચ સભ્યોને જવાબદાર ઠેરવ્યા છે. વિષ્ણુ દેસાઈએ સેક્ટર-૭ પોલીસ મથકમાં મૃતકના પતિ રોહિત જયરામભાઈ દેસાઈ નણંદ સેજલ મહેશભાઈ દેસાઈ (બંને રહે. ચાણક્યપુરી અમદાવાદ) તથા શાહીબાગ રહેતા કાકા સસરા મહાદેવ સરતાનભાઈ દેસાઈ, ફોઈ સીતા જગમાલભાઈ દેસાઈ અને જમાઈનો ભાણો ધવલ જગમાલભાઈ દેસાઈ મળીને સાસરીના પાંચ સભ્યો સામે શારીરિક-માનસિક ત્રાસ અને આપઘાત માટે દુષ્પ્રેરણ કરવા બદલ સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી પાંચની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. ફરિયાદી વિષ્ણુ દેસાઈના જણાવ્યા અનુસાર ઉપરોક્ત આરોપીઓ પૈસા અને દાગીનાની અવારનવાર માગણી કરતાં હતાં અને પતિની સતત ચડામણી કરતા હતા. છ મહિનાથી ઝગડાઓ ચાલતા હતા દરમિયાન બે દિવસ પહેલાં જ સાસરિયાઓ સેજલને પિયરમાં ઘરે મૂકીને જતા રહ્યા હતા.

ચિરવિદાય

- સ્વ. દેવેન્દ્રભાઈ શંકરલાલ પરમાર, ઉ.વ. ૪૫
- સ્વ. પટેલ શકરીબેન હિરાભાઈ, ઉ.વ. ૯૫
- સ્વ. ડાભી લલીતાબેન કાનજીભાઈ, ઉ.વ. ૪૬

અલ્ટો ગાડીમાં વિદેશીદારૂની હેરાફેરી કરતો પેથાપુરનો શખ્સ ઝડપાયો

પરોઢિયે વિદેશી દારૂનો જથ્થો ભરીને ચરેડીથી પેથાપુર ગામ તરફ જઈ રહેલા બુટલેગરને પોલીસે દબોચ્યો

ગાંધીનગર, તા.૨૦

શહેરને અડીને આવેલા ચરેડીથી પેથાપુર ગામ તરફ આજે વહેલી સવારે પરોઢિયે એક અલ્ટો ગાડીમાં પેથાપુરનો બુટલેગર વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી કરવાનો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસે વોચ ગોઠવીને આ શખ્સને દબોચી લીધો હતો. વિદેશી દારૂની ૭૯ બોટલ સાથે પેથાપુરના પ્રતાપનગર વિસ્તારના બુટલેગરની ધરપકડ કરી દારૂ તથા કારનો મુદ્દામાલ જપ્ત કરી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પી.એસ.આઈ એલ.એસ.ચૌધરીની સૂચનાથી તેમની ટીમ દારૂ જુગારની ચાલતી પ્રવૃત્તિઓ અટકાવવા અને તેને પકડવા સક્રિય થઈ છે ત્યારે આજે પરોઢિયે તેમની ટીમને બાતમી મળી હતી કે

મવડી તરફથી એક સિલ્વર કલરની અલ્ટો ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમી આધારે પેથાપુર પોલીસની ટીમે વોચ ગોઠવીને ચરેડી પેથાપુર રોડ પરથી જીજે૯ બી.એ ૩૯૯૯ નંબરની બાતમીવાળી અલ્ટો કાર પકડી પાડી હતી. ગાડીમાંથી ૭૯ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પેથાપુર પોલીસે રૂ ૩૧૬૦૦ ની કિંમતનો દારૂ અને ગાડી મળી કુલ રૂ. ૧,૧૨,૧૦૦ ની કિંમતના મુદ્દામાલ સાથે પેથાપુર ખાતે રહેતા ભરતસિંહ તેજુસિંહ વાઘેલા નામના શખ્સની ધરપકડ કરી લીધી હતી. પકડાયેલા ભરતસિંહ વાઘેલાની પૂછપરછમાં દારૂના આ વેપલામાં પેથાપુર ઊંટવાડિયા તળાવ વિસ્તારના નરેન્દ્ર ઉર્ફે ડોન અરજણ ડાભીનું નામ ખુલતા પેથાપુર પોલીસે તેની પણ ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

આજે સચિવાલય ન્યુ ક્રેડિટ સોસાયટીની ચૂંટણી

ગાંધીનગર, તા.૨૦

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ-કો-ઓપરેટિવ ન્યુ ક્રેડિટ સોસાયટી લિ. ગાંધીનગરની આવતીકાલે સચિવાલયમાં ચૂંટણી યોજાશે. ચૂંટણીને લઈ ઉમેદવારો છેલ્લી ઘડીએ એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે અને કચેરીઓમાં પ્રચાર કરી રહ્યા છે.

ગાંધીનગર સ્થિત સચિવાલયના કર્મચારીઓમાં સચિવાલય ક્રેડિટ સોસાયટીની ચૂંટણીને લઈ ભારે ક્રેઝ જોવા મળે છે. ચાલુ વર્ષના ડિરેકટરો માટે ચૂંટણી યોજાઈ રહી છે. જેમાં સચિવાલયના વિવિધ વિભાગોમાંથી ૧૦ કર્મચારી અધિકારીએ પાંચ બેઠક માટે ઉમેદવારી નોંધાવી છે. ઉમેદવારો છેલ્લી ઘડીએ વ્યકિતગત અને સોશિયલ મિડીયાના માધ્યમથી પૂરજોશમાં પ્રચાર પ્રસાર કરી રહ્યા છે. ઉમેદવારો મતદાતા કર્મચારીઓને સચિવાલયમાં રૂબરૂ મળી પોતાને મત આપવા અપીલ કરી રહ્યા છે. ચૂંટણીમાં પટેલ સમાજના બે પ્રતિનિધિ દિપક પટેલ અને મહેશ આહજોલિયા, ક્ષત્રિય દરબાર સમાજના બે પ્રતિનિધિ લાલસિંહ બિહોલા અને જયેન્દ્રસિંહ રાઠોડ, ચૌધરી સમાજનું પ્રતિનિધિત્વ કનુભાઈ પટેલ, બ્રહ્મસમાજમાંથી ચેતન દવે, વત્સલ વોરા તથા અન્ય સમાજમાંથી નરેશ ગાંવિત, વિપુલ રાઠવા, શૈલેષ મજમુદાર સ્પર્ધામાં છે.

આ ચૂંટણીમાં દિપક પટેલ, વત્સલ વોરા અને કનુભાઈ પટેલની પ્રથમ ત્રણ ક્રમે મજબુત દાવેદારી થઈ રહી છે જયારે ચેતન દવે, મહેશ આહજોલિયા તથા વિપુલ રાઠવા વચ્ચે ચોથા અને પાંચમા ક્રમ માટે સ્પર્ધા રહેશે. આજે ગાંધીનગરના નવા સચિવાલયના બ્લોક નં. ૬ ખાતે સવારે ૧૦ થી સાંજે ૬.૧૦ કલાક દરમિયાન મતદાન થશે. જેમાં ૧૪૭૦ મતદાતાઓ મતદાન કરશે. ચૂંટણીમાં મતદાતાએ પાંચ પાંચ મત આપવા ફરજીયાત છે. મતદાન બાદ રાત્રે ૯ કલાકે જૂના સચિવાલય કેન્ટીન ખાતે મત ગણતરી હાથ ધરવામાં આવશે.

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા આવેલા યુવાન સાથે ધોળે દિવસે લૂંટ

સેક્ટર-૬ના મહાદેવ મંદિર પાસે યુવાન બાઈક સ્ટેન્ડ કરીને ઊભો રહ્યો એટલામાં પલ્સર પર આવેલા બે લુટારૂંઓ બેગ લૂંટીને ફરાર

ગાંધીનગર, તા.૨૦

શહેરના સેકટર-૬ ખાતે મહાદેવ મંદિર સામે સોમવારે ધોળે દિવસે લૂંટની ઘટના બનવા પામી હતી. ચાંદખેડાનો યુવાન સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરવા માટે બાઈક લઈને ગાંધીનગર સે-૬ તરફથી પસાર થઈ રહ્યો હતો ત્યારે શંકા કરવા માટે બાઈક સ્ટેન્ડ કરી પોતાની બેગ બાઈકની સીટ ઉપર મૂકી ત્યાં પલ્સર બાઈક ઉપર આવેલા બે લૂંટારૂઓ બેગ લૂંટવા આવી પહોંચ્યા હતા. યુવાન સાથે ઝપાઝપી કરીને તમામ શૈક્ષણિક લાયકાતના ઓરીજનલ ડોક્યુમેન્ટ તથા મોબાઈલ અને વોલેટ જે બેગમાં મુક્યુ હતુ તે આખી બેગ લઈને બંને લુટારૂઓ રફુચક્કર થઈ ગયા હતા. સેકટર-૭ પોલીસે યુવાનની ફરિયાદના આધારે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ અમદાવાદના ચાંદખેડા ખાતે આવેલા જહાનવી બંગ્લોઝમાં રહેતો ૨૩ વર્ષીય યુવાન હિરેન મયંકભાઈ પટેલ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે ગાંધીનગર આવતો હોય છે. સોમવારે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં હિરેન પોતાનું બાઈક હોન્ડા ટ્વીસ્ટર લઈને શહેરના સેક્ટર-૬ થી સે-૧૨ તરફ જઈ રહ્યો હતો તે અરસામાં સેકટર-૬ ખાતેના ભુવનેશ્વર મહાદેવ મંદિરની પાસેની ઝાડીઓ તરફ હિરેન એ પોતાનું બાઈક લઘુશંકા કરવા ઊભું રાખ્યું હતું. બાઈક સ્ટેન્ડ કરીને હિરેને પોતાની બેગ બાઈકની સીટ ઉપર મૂકી ઝાડીઓ તરફ ગયો એટલામાં પલ્સર બાઈક પર બે લૂંટારૂઓ આવી પહોંચ્યા હતા. રૂપિયા ૧૦ હજારની કિંમતનો વિવો કંપનીનો મોબાઈલ, બે એટીએમ કાર્ડ, જાતિનુંપ્રમાણપત્ર, તમામ માર્કશીટ સહિતના તમામ મોટા ભાગના શૈક્ષણિક લાયકાત અંગેના ઓરીજનલ ડોક્યુમેન્ટ અને પાકીટ જે બેગમા મુકેલુ હતું તે બેગ લૂંટવા જતાં લૂંટારૂઓને યુવાને પડકાર્યા હતા. હિરેન સાથે ઝપાઝપી કરીને બેકની લૂંટ ચલાવી પલ્સર બાઈક પર આવેલા બંને લુટારૂઓ રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે હિરેન પટેલની ફરિયાદને આધારે સેકટર-૭ પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી બંને લૂંટારૂને પકડવા તજવીજ શરૂ કરી છે.

વૃધ્ધાશ્રમ : સામાજિક વ્યવસ્થાનું કલંક

ગાંધીનગર, તા.૨૦

આધુનિક સમયમાં માનવી ભૌતિકવાદી બની રહ્યો છે. માણસોની આશા-અપેક્ષાઓ દિવસેને દિવસે વધી રહી છે. સામાજિક વ્યવસ્થામાં વ્યકિતની વ્યકિત પ્રત્યેની અપેક્ષાઓ જયારે વધતી જતી હોય અને પરિપૂર્ણ ન થતી હોય એવું લાગે ત્યારે સંબંધોમાં ભંગાણ શરૂ થાય છે. લગ્નસંબંધો તૂટવાનું જે પ્રમાણ વધી રહ્યુ છે તેમાં પણ અપૂર્ણ અપેક્ષાઓ જ કારણભૂત છે. સમાજ વ્યવસ્થામાં સંયુકત કુટુંબપ્રથા પૂર્ણતાને આરે છે. સ્પર્ધાત્મક યુગમાં બીજાથી વધુ મેળવવાની લાલસામાં વ્યકિતઓ વિભકત કુટુંબપ્રથા પરત્વે વધુ આકર્ષિત થાય છે. યુવાનોના મા-બાપ પ્રત્યેના બેકાળજીભર્યા વલણને પગલે સમાજમાં વૃધ્ધાશ્રમોની સંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે.

પાટનગરમાં પણ સેકટર-૬ ખાતે આવેલા ક્રિશ્ના વૃધ્ધાશ્રમમાં ૩૦ વૃધ્ધો આશરો લઈ રહ્યા છે. વર્ષ ૧૯૯૭માં ખાનગી કંપનીમાં નોકરી કરતા રાજેશ ભટ્ટ દ્વારા ક્રિષ્ના વૃધ્ધાશ્રમની સ્થાપના કરવામાં આવી હતી. સરકાર તરફથી આપવામાં આવેલા ૪ સરકારી આવાસોમાં વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં વૃધ્ધોને કોઈ નાત-જાતના ભેદભાવ વિના સેવા પુરી પાડવામાં આવે છે. સદરકાર્યમાં રાજેશભાઈનો પરીવાર તેમની સાથે સહર્ષ જોડાય છે અને તેઓ વૃધ્ધોની સાથે પરીવારની માફક રહે છે. ક્રિષ્ના વૃધ્ધાશ્રમ ખાતે વડીલોને બે વખતનો ચા-નાસ્તો તેમજ બે વખતનું જમવાનું આપવામાં આવે છે. વખતોવખત દાનના પૈસા દ્વારા વૃધ્ધોને સામુહિક જાત્રાએ પણ લઈ જવામાં આવે છે.

વૃધ્ધાશ્રમમાં બાળકો દ્વારા તરછોડાયેલા માતા-પિતા, એકલવાયુ જીવન જીવતા વડીલો તથા નિરાધાર વૃધ્ધો આશરો લે છે. વૃધ્ધાશ્રમના સંચાલક રાજેશ ભટ્ટને વર્ષો પહેલા બગીચાના ખૂણે તથા મંદિરોમાં એકલા બેસતા વૃધ્ધો પ્રત્યે સંવેદના ઉદભવી અને તેઓએ નોકરી છોડીને વૃધ્ધોની સેવા કરવાનો નિર્ણય લીધો. શરૂઆતમાં પોતાના ખર્ચે શરૂ કરાયેલો વૃધ્ધાશ્રમ અત્યારે સંપૂર્ણ રીતે લોકદાન થકી કાર્યરત છે. વૃધ્ધાશ્રમમાં અત્યારે ૩૦ વૃધ્ધો આશરો લઈ રહ્યા છે. આ ઉપરાંત ૩૦ વૃધ્ધો વૃધ્ધાશ્રમમાં આવવા માટેની કતારમાં છે. સરકાર દ્વારા વૃધ્ધાશ્રમ માટે વધુ આવાસો ફાળવાતા બાકીના વૃધ્ધો પણ અહીંયા આશરો લઈ શકશે. આધુનિક સમયમાં નિરાધાર બની રહેતા વૃધ્ધોની મા-બાપની જેમ સાચવણી કરનારા માનવીઓ ખરેખર વંદનને પાત્ર છે. હજુ પણ કેટલાક યુવાનો મા-બાપની સેવા કરવામાં માને છે અને આવા લોકોને કારણે જ સમાજ વ્યવસ્થા જીવંત છે. યુવા વર્ગ વધુ સમજદાર બને અને સમાજ વ્યવસ્થા ધબકતી રહે તેવી ભગવાનને પ્રાર્થના!

● 'જગતમાં બધું જ મળે છે, ભૌતિક સુખ પણ મળે છે, પરંતુ એ મેળવવા માટે જન્મ આપનાર મા-બાપ નથી મળતા.'
- રાજેશ ભટ્ટ, સંચાલક

● હું ખેડામાં પોતાની જમીન પર ખેતીનું કામ કરતો હતો. મારા ઘર પર કોર્ટ કેસ થતાં હું ઘરવિહીન થઈ ગયો અને હવે હું વૃધ્ધાશ્રમમાં રહું છું.
- પંકજ પટેલ, ૫૯ વર્ષ

● હું ટ્રાન્સપોર્ટેશનનો ધંધો કરતો હતો. હું અપરિણિત હોવાથી મારા ઘરમાં કોઈ નથી. એ કારણથી મેં વૃધ્ધાશ્રમમાં આશરો લીધો છે.
- અરૂણ સાઠે, ૬૨ વર્ષ

● મારે ફકત એક દિકરી છે એ તેની સાસરીમાં રહે છે. મારા પતિનું અવસાન થતાં મારે વૃધ્ધાશ્રમમાં આવવું પડયું છે. જમાઈ કયારેક મળવા આવે છે. અહીંયા શાંતિથી જીવન પસાર કરું છું.
- ભાવના પ્રજાપતિ, ૬૦ વર્ષ

● ૩૦ વર્ષ પહેલા મારા પતિ ગુજરી ગયા હતા. સંતાનમાં એક દિકરો છે પરંતુ હું ૧૫ વર્ષથી વૃધ્ધાશ્રમમાં જ રહું છું. વૃધ્ધાશ્રમમાં શાંતિથી ખાઈ-પીને રહીએ છીએ. કોઈ બહાર લઈ જાય ત્યારે યાત્રા પર જઈએ છીએ.
- મધુ પટેલ, ૭૦ વર્ષ

● હું સમય સંજોગને લીધે મારી પત્ની સાથે ૧૭ વર્ષથી વૃધ્ધાશ્રમમાં જ રહું છું. હું કોટનમિલમાં નોકરી કરતો હતો પરંતુ નિવૃત્તિ પછી આવક બંધ થઈ ગઈ. આજનો યુવાવર્ગ આ વિશે વધુ વિચારતો જ નથી.
- જયગોવિંદ શાહ, ૭૩ વર્ષ

● મેરા લડકા ન્યૂયોર્ક મેં રીસર્ચ વર્ક કરતા હૈ ઔર લડકી યહાં પર રહતી હૈ. બચ્ચો કો દિક્કત ન હો ઈસલિયે મેં યહાં પર આ ગયા. મેરી બેટી કા નયા મકાન રેડી હો જાયેગા તો મેં વહા ચલા જાઉંગા.
- બી.કે. અધિકારી, ૯૨ વર્ષ